પાના : ૧૨+૧૦ કિંમત : રૂા.૫.૦૦ તા. ૧૧ ડિસેમ્બર, ૨૦૨૨, રવિવાર

અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, મુંબઈ અને ભુજથી પ્રગટ થતું દૈનિક

# ગુજરાત સમાચાર

અધિષ્ઠાપક તંત્રી : સ્વ.શાંતિલાલ અ. શાહ ▶ સંવત ૨૦૭૯, શકે ૧૯૪૪, માગસર વદ-૦૨ વર્ષ : ૧૨, અંક - ૧૫૯ ▶ http://www.gujaratsamachar.com ▶ ટે.નં. (૦૨૮૩૨) ૨૨૦૦૧૯,૨૨૦૦૨૦,૨૨૦૦૨૧ KUTCH

મેનેજિંગ તંત્રી : શ્રેયાંસ શાંતિલાલ શાહ ▶ મુદ્રક અને પ્રકાશક : શ્રેયાંસ શાંતિલાલ શાહ, ૨૦૧, ટર્નિંગ પોઈન્ટ, વીડી હાઈસ્કૂલ પાસે, ભુજ-૩૭૦૦૦૧. ▶ R.N.I. Reg. No. GUJGUJ/2012/44522

વાંચન વિશેષ

**રવિપૂર્તિ**

### ક્રિસ ગેલે ૨૦૧૫માં ઝિમ્બાબ્વે સામે ૧૩૮ બોલમાં બેવડી સદી ફટકારી હતી

# ઈશાનનો વર્લ્ડ રેકોર્ડ : વન ડેમાં ૧૨૬ બોલમાં બેવડી સદી

ચટ્ટોગ્રામ, તા.૧૦

રોહિત શર્માના સ્થાને ઉતરેલા ભારતીય ઓપનર ઈશાન કિશને બાંગ્લાદેશ સામેની શ્રેણીની ત્રીજી અને આખરી વન ડેમાં માત્ર ૧૨૬ બોલમાં જ બેવડી સદી ફટકારતાં વર્લ્ડ રેકોર્ડ તોડી નાંખ્યો હતો. આ સાથે કિશને મેન્સ-વિમેન્સના વન ડે ક્રિકેટ ઈતિહાસમાં સૌથી ઝડપી બેવડી સદીની સિદ્ધિ હાંસલ કરી હતી. વિરાટ કોહલીએ પણ કારકિર્દીની ૭૨મી આંતરરાષ્ટ્રીય સદી સાથે પોન્ટિંગને પાછળ રાખી દીધો હતો. ભારતે ૪૦૯/૮નો સ્કોર ખડકીને બાંગ્લાદેશને હરાવ્યું હતુ. જોકે ભારતે ૧-૨થી શ્રેણી હાર્યું હતુ.

## કિશનના ૧૩૧ બોલમાં ૨૪ ચોગ્ગા અને ૧૦ છગ્ગા સાથે ૨૧૦ રન : સૌથી યુવા વયે બેવડી સદીનો પણ રેકોર્ડ સર્જ્યો : કોહલી ૭૨મી સદી સાથે પોન્ટિંગથી આગળ નીકળ્યો

કિશને વિસ્ફોટક બેટિંગ કરતાં ૧૩૧ બોલમાં ૨૪ ચોગ્ગા અને ૧૦ છગ્ગા સાથે ૨૧૦ રન ફટકાર્યા હતા. આ સાથે તેણે વન ડેમાં સૌથી ઝડપી બેવડી સદીનો ન્યુઝીલેન્ડની મહિલા ખેલાડી એમેલીયા કાર્નનો ૧૩૪ બોલનો રેકોર્ડ તોડી નાંખ્યો હતો. જ્યારે મેન્સ વન ડે ક્રિકેટમાં ગેલે ૨૦૧૫માં ઝિમ્બાબ્વે સામે ૧૩૮ બોલમાં નોંધાવેલો સૌથી ઝડપી બેવડી સદીનો રેકોર્ડ પણ તુટી ગયો હતો.

મેન્સ વન ડે ક્રિકેટના ઈતિહાસમાં આ નવમી બેવડી સદી નોંધાઈ હતી. જ્યારે સ્કોરની રીતે તેને પાંચમો ક્રમ મળ્યો હતો. ૨૪ વર્ષના કિશને સૌથી યુવા વયે બેવડી સદી ફટકારવાની અનોખી સિદ્ધિ પણ હાંસલ કરી હતી. તે વન ડેમાં બેવડી સદી નોંધાવનારો ચોથો ભારતીય બેટ્સમેન બન્યો હતો. કોહલીએ વન ડેમાં ૪૪મી અને આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ૭૨મી સદી ફટકારીને પોન્ટિંગને પાછળ રાખ્યો હતો.

**ભારતે ૪૦૯/૮નો સ્કોર ખડકીને બાંગ્લાદેશને હરાવ્યું**

હવે સૌથી વધુ ૧૦૦ આંતરરાષ્ટ્રીય સદીના તેંડુલકરના રેકોર્ડ બાદ કોહલીને સ્થાન મળ્યું હતુ.

**વન ડે ક્રિકેટમાં સૌથી ઝડપી બેવડી સદી**

| બોલ | બેટ્સમેન | દેશ | હરિફ | સ્થળ | તારીખ |
|---|---|---|---|---|---|
| ૧૨૬ | કિશન | ભારત | બાંગ્લાદેશ | ચટ્ટોગ્રામ | ૧૦.૧૨.૨૨ |
| ૧૩૮ | ગેલ | વિન્ડિઝ | ઝિમ્બાબ્વે | કેનબેરા | ૨૪.૦૨.૧૫ |
| ૧૪૦ | સેહવાગ | ભારત | વિન્ડિઝ | ઈન્દોર | ૦૮.૧૨.૧૧ |
| ૧૪૭ | તેંડુલકર | ભારત | સા.આફ્રિકા | ગ્વાલિયર | ૨૪.૦૨.૧૦ |
| ૧૪૮ | ઝમાન | પાકિસ્તાન | ઝિમ્બાબ્વે | બુલાવાયો | ૨૦.૦૭.૧૮ |

**વન ડેમાં બેવડી સદી : ઈશાન ભારતનો ચોથો બેટ્સમેન**

| સ્કોર | બેટ્સમેન | દેશ | હરિફ | સ્થળ | તારીખ |
|---|---|---|---|---|---|
| ૨૬૪ | રોહિત | ભારત | શ્રીલંકા | કોલકાતા | ૧૦.૧૧.૧૪ |
| ૨૩૭* | ગપ્ટિલ | ન્યુઝીલેન્ડ | વિન્ડિઝ | વેલિંગ્ટન | ૨૧.૦૩.૧૫ |
| ૨૧૯ | સેહવાગ | ભારત | વિન્ડિઝ | ઈન્દોર | ૦૮.૧૨.૧૧ |
| ૨૧૫ | ગેલ | વિન્ડિઝ | ઝિમ્બાબ્વે | કેનબરા | ૨૪.૦૨.૧૫ |
| ૨૧૦* | ઝમાન | પાકિસ્તાન | ઝિમ્બાબ્વે | બુલાવાયો | ૨૦.૦૭.૧૮ |
| ૨૧૦ | કિશન | ભારત | બાંગ્લાદેશ | ચટ્ટોગ્રામ | ૧૦.૧૨.૨૨ |
| ૨૦૯ | રોહિત | ભારત | ઓસ્ટ્રેલિયા | બેંગાલુરુ | ૦૨.૧૧.૧૩ |
| ૨૦૮* | રોહિત | ભારત | શ્રીલંકા | મોહાલી | ૧૩.૧૨.૧૭ |
| ૨૦૦* | તેંડુલકર | ભારત | સા.આફ્રિકા | ગ્વાલીયર | ૨૪.૦૨.૧૦ |

**કિશને રેકોર્ડની વણઝાર સર્જી**

* માત્ર ૧૨૬ બોલમાં બેવડી સદી ફટકારીને વિન્ડિઝના ગેલ (૧૩૮ બોલ) અને ન્યુઝીલેન્ડની મહિલા ખેલાડી એમેલિયા કાર્ર (૧૩૪ બોલ)નો રેકોર્ડ તોડ્યો

* કારકિર્દીની પહેલી જ વન ડે સદીને બેવડી સદીમાં ફેરવનારો વિશ્વનો સૌપ્રથમ બેટ્સમેન. કારકિર્દીની સૌપ્રથમ આંતરરાષ્ટ્રીય સદી.

* ૨૪ વર્ષ અને ૧૪૫ દિવસની ઉંમરે વન ડેમાં બેવડી સદી ફટકારતાં કિશને સૌથી યુવા વયે આવી સિદ્ધિ મેળવવાનો રોહિતનો (૨૬ વર્ષ, ૧૮૬ દિવસ) રેકોર્ડ તોડ્યો.

* વિદેશની ભૂમિ પર વન ડેમાં બેવડી સદી ફટકારનારો પ્રથમ ભારતીય.






ભારતના યુવા ઓપનર ઈશાન કિશને બાંગ્લાદેશ સામેની ત્રીજી અને આખરી વન ડેમાં વિસ્ફોટક બેટિંગ કરતાં માત્ર ૧૨૬ બોલમાં બેવડી સદી ફટકારતાં ફાસ્ટેસ્ટ બેવડી સદીનો વર્લ્ડ રેકોર્ડ સર્જ્યો હતો. ઈશાન ૧૩૧ બોલમાં ૨૪ ચોગ્ગા અને ૧૦ છગ્ગા સાથે ૨૧૦ રનની યાદગાર ઈનિંગ રમી આઉટ થઈ ગયો હતો. બેવડી સદી ફટકાર્યા બાદ કિશને જોશભેર ઉજવણી કરી હતી. કિશને ત્યાર બાદ નોનસ્ટ્રાઈકર બેટસમેન વિરાટ કોહલી તરફ આદર દર્શાવતા હેલ્મેટ ઉતારીને માથુ ઝુકાવ્યું હતુ. ખુશખુશાલ કોહલીએ પણ જાણે કિશનને આશીર્વાદ આપતો હોય તેમ તેના માથે પ્રેમથી હાથ ફેરવ્યો હતો.

**પાક.ના ઈશારે પંજાબમાં પોલીસ સ્ટેશન પર રોકેટ હુમલો**

જુઓ પાના નંબર-૧૧




**દિલ્હીની વાત**

### એમ.પી.માં ગુજરાતવાળી, શિવરાજ ઘરભેગા થશે

નવીદિલ્હી, તા.૧૦

ગુજરાતમાં ભાજપના પ્રચંડ વિજયને પગલે હવે મધ્ય પ્રદેશમાં ગુજરાત ફોર્મ્યુલા અપનાવાશે એવી અટકળો ચાલી રહી છે. ભાજપે સપ્ટેમ્બર ૨૦૨૧માં મુખ્યમંત્રી વિજય રૂપાણીને હટાવી દીધા હતા. સાથે સાથે તમામ ૨૨ મંત્રીને પણ બદલી નાખ્યા હતા. ભાજપે ચૂંટણીના ૧ વર્ષ પહેલાં બોલાવેલા સપાટાનું જોરદાર પરિણામ મળ્યું છે. ભાજપે કલ્પના ના કરી હોય એવી જોરદાર બહુમતી મેળવી છે.

હવે આ જ ફોર્મ્યુલા મધ્ય પ્રદેશમાં અપનાવીને શિવરાજસિંહ ચૌહાણની આખી ટીમને ઘરભેગી કરી દેવાશે એવું મનાય છે. મધ્યપ્રદેશમાં એન્ટી ઈન્કમ્બન્સી ફેક્ટર પ્રબળ હોવાથી તેને ખાળવા મોદી નો રીપીટ ફોર્મ્યુલા લાવશે. મધ્યપ્રદેશમાં ભાજપ માટે ચિંતાનો વિષય એ પણ છે કે, અન્ય રાજ્યોથી વિપરીત કોંગ્રેસ અહીં જોરદાર ટક્કર આપવાની સ્થિતિમાં છે.

(અનુસંધાન ૯ મે પાને)

**બેધડક** -મંજુલ




અમે ભ્રષ્ટાચારી હોઈએ તો અમને હરાવનારો પક્ષ તો અમારા કરતાંય વધારે ભ્રષ્ટ જ હશે !







